# A.M.C. MEDICAL EDUCATION TRUST

## ટેન્ડર નોટીસ

આથી એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા નીચે જણાવેલ ટેન્ડર માટે ગર્વમેન્ટ/સેમી ગર્વમેન્ટ ઓડીટ/પ્રિ ઓડીટ/ વર્કસ ઓડીટ તથા એકાઉન્ટના જાણકાર તથા અનુભવી ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢી / પ્રેકટીશનર્સ (ફર્મ) પાસેથી બંધ કવરમાં સામેલ શરતો મુજબ ભાવ મંગાવવામાં આવે છે.

## ટેન્ડર નંઃ-..૬૭

(Pre Audit Work Of AMC Medical Education Trust's Revenue and Capital Expenditure Bills (Expect Salary,Pension, Interns Stipend, Govt + AMC Payment,Energy Bill, Telephone Bill & Other Gcvt. Dues)

## ટેન્ડર નંઃ- .૬૮

(Computerised Accounting in Telly Software,Record Keeping of Vouchers,Statutory Compliences, Bank Payment, Return filing for TDS,PF,ESI,GST etc).

બંધ કવરમાં વિગતો **ડાયરેકટરશ્રી,એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ, એન.એચ.એલ મેડીકલ કોલેજ, વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬** ખાતે તા.૨૫-૦૨-૨૦૧૯ ના રોજ **સાંજના ૪.૦૦ કલાક** સુધીમાં મોકલવાની રહેશે. સદર કામ અંગે વધુ વિગતો એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટની વેબ સાઈટ **www.amcmet.org** તથા **www.amc.nprocure.com** પરથી ડાઉનલોડ કરવાની રહેશે. ઓન લાઈન ભરેલ ટેન્ડર જ માન્ય ગણાશે.

**ટેન્ડર ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખઃ- ૨૫-૦૨-૨૦૧૯ સમયઃ-** બપોરના ૩.૦૦ કલાકે
**ટેન્ડર ફીઝીકલી મોકલવાની છેલ્લી તારીખઃ- ૨૫-૦૨-૨૦૧૯ સમયઃ- સાંજના ૪.૦૦ કલાકે**
**ટેન્ડર ખોલવાની છેલ્લી તારીખઃ- ૨૫-૦૨-૨૦૧૯ સમયઃ- સાંજના ૫.૦૦ કલાકે**

**ટેન્ડર નંઃ- ૬૭**
**પ્રી બીડ મીટીંગઃ- તા.૦૮-૦૨-૨૦૧૯ બપોરે ૩.૦૦ કલાકે**
**ટેન્ડર નંઃ- ૬૮**
**પ્રી બીડ મીટીંગઃ- તા.૦૮-૦૨-૨૦૧૯ બપોરે ૪.૦૦ કલાકે**

સ્થળ : અમદાવાદ

એ.એમ.સી.મેટ દ્વારા પ્રકાશિત

# A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No:-67/2018-19

**ટેન્ડરરની માહિતીનું ફોર્મ**

**ખાસ સૂચનાઃ**-સદર ટેન્ડર ફોર્મ, ઇ.એમ.ડી, ટેન્ડર ફી, અનુભવની વિગતો, લાયકાત અંગેના પુરાવા વિગેરે સહિત ટેન્ડર શરતોમાં જણાવેલ તમામ માહિતી/પુરાવા ટેકનીકલ બીડ કવરમાં મુકવાનાં રહેશે.

| **ક્રમ** | **વિગત** | **ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ દ્વારા ભરવાની થતી વિગત** | **રીમાર્કસ** |
|---|---|---|---|
| ૧ | ફર્મનું નામ | | |
| ૨ | ફર્મનું સરનામું તથા ફોન નંબર | | |
| ૩ | ફર્મના ભાગીદારોનાં નામ અને સરનામાં | | |
| ૪ | ફર્મ રજીસ્ટ્રેશનની વિગતો. (ICAI ની લેટેસ્ટ કોપી સામેલ કરવી) | | |
| ૫ | જી.એસ.ટી.રજીસ્ટ્રેશન નંબર (કોપી સામેલ કરવી) | | |
| ૬ | આકસ્મિક સમયે ઓફિસ કલાક બાદ સંપર્ક થઇ શકે તેવા એજન્સીનાં જવાબદાર વ્યક્તિની વિગત | | |
| | નામ | | |
| | સરનામુ | | |
| | સંપર્ક નંબર ઓફિસઃ- | | |
| | રહેઠાણઃ- | | |
| ૭ | ટેન્ડરરની બેંક ની વિગતઃ- | | |
| | બેંકનું નામઃ- | | |
| | શાખાઃ- | | |
| | એકાઉન્ટ નંબર | | |
| | એકાઉન્ટ પ્રકારઃ- કરંટ/સેવિંગ્ઝ | | |

| | | | |
|---|---|---|---|
| | માઈકર નંબર :- | | |
| | I.F.S.C કોડ | | |
| ૮ | PAN No (કોપી સામેલ કરવી) | | |
| ૯ | પાર્ટનરના નામ તથા તેમની પ્રોફાઈલની માહિતી | | |
| ૧૦ | સંસ્થાની વિગતો | | |
| ૧૦.૧ | સંસ્થાનો કુલ અનુભવ | | |
| ૧૦.૨ | પાર્ટનરની સંખ્યા<br>- FCA<br>- ACA<br>- કુલ | | |
| ૧૦.૩ | પેઈડ C.A. ની સંખ્યા | | |
| ૧૦.૪ | ઓડિટ સાથે સંકળાયેલ અન્ય સ્ટાફની સંખ્યા<br>- MBA<br>- M.COM<br>- B.COM<br>- Others | | |
| ૧૦.૫ | છેલ્લા ત્રણ વર્ષની પ્રોફેશનલ ફી / આવક | ૨૦૧૭-૧૮ Rs.<br>૨૦૧૬-૧૭ Rs.<br>૨૦૧૫-૧૬ Rs.<br>ત્રણ વર્ષની સરેરાશ Rs. | |

# A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No:- 67/2018-19

## Annexure - 1

સંસ્થામાં ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ /એકાઉન્ટ કામ સાથે સંકળાયેલ કર્મચારીઓની માહિતી

| અનું. નં. | કર્મચારીનું નામ | હોદ્દો | કર્મચારીની લાયકાત | સંસ્થામાં જોડાયા તારીખ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢી વતી

સંસ્થા નોંધણી નંબર :

એ.એમ.સી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ

તા. ........................ ભાગીદાર

સ્થળ : ...................... (સહી અને સિક્કા)

# A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No:- 67/2018-19

**Annexure - 2**

| નં. | જરૂરી લઘુતમ માપદંડ | બીડાણ કરવાના પ્રમાણપત્રો |
|---|---|---|
| ૦૧ | ICAI ના સર્ટીફિકેટ પ્રમાણે ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાની હેડ ઓફિસ છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદમાં હોવી જરૂરી છે. | ICAI દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ છેલ્લુ પ્રમાણપત્ર |
| ૦૨ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાનો લઘુત્તમ ૨૦ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.ચાર્ટડ એકાઉન્ટન્ટ પ્રોપરાયટર ફર્મ સંસ્થાને માન્ય રાખવામાં આવશે નહિ.સંસ્થા ભાગીદારી પેઢી હોવી જરૂરી છે. | ICAI દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ છેલ્લુ પ્રમાણપત્ર |
| ૦૩ | ૦૧-૦૧-૨૦૧૮ના રોજ ઓછામાં ઓછા ૨(બે) પાર્ટનર FCA હોવા જરૂરી છે સંસ્થામાં ચાર્ટડ એકાઉન્ટનટની લઘુત્તમ સંખ્યા (પેઇડ C.A.સાથે) ૦૪ હોવી જરૂરી છે. | ICAI દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ છેલ્લુ પ્રમાણપત્ર |
| ૦૪ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થામાં ઓડિટનાં કામનાં અનુભવી ઓછામાં ઓછા ૧૫ કર્મચારી હોવા જરૂરી છે. | ઓડીટ સાથે સંકળાયેલ સ્ટાફની વિગતવાર માહિતી Annexure - 1 |
| ૦૫ | ચાર્ટડ એકાઉન્ટન્ટની સંસ્થાની તા.૩૧-૦૩-૨૦૧૮ ના રોજ પૂર્ણ થતા છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટ રૂ. ૭૫ લાખ હોવી જરૂરી છે. તેમજ તે પૈકી એવરેજ વાર્ષિક આવક ૧૦ લાખ કે તેથી વધુ આવક ગર્વમેન્ટ / સેમી ગર્વમેન્ટ માંથી હોવી જોઇશે.ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાની આવકને લગતા પુરાવા રજુ કરવા | આવક-ખર્ચનું ખાતું તથા ઇન્કમટેક્સ રીટર્નની છેલ્લા ત્રણ વર્ષની નકલ તથા ગર્વમેન્ટ/સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં આવકના પુરાવા |
| ૦૬ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાનો છેલ્લા ત્રણ વર્ષમાં ઓછામાં ઓછી ૫(પાંચ)) ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં ઓડીટ/ પ્રિ-ઓડીટ/ વર્ક્સ ઓડીટનો અનુભવ હોવો જરૂરી છે. | જે તે સંસ્થાનાં વર્ક ઓર્ડરની નકલો Annexure-4માં વિગત દર્શાવવી |
| ૦૭ | છેલ્લા ૩ વર્ષ પૈકી એક (૧) વર્ષ માટે મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલમાં એકાઉન્ટ/ઓડીટ/પ્રિ-ઓડીટ/ વર્ક્સ ઓડીટનો અનુભવ | જે તે સંસ્થાનાં વર્ક ઓર્ડરની નકલો Annexure-5 માં વિગત દર્શાવવી |

નોધ : (૧) ઉપર જણાવેલ તમામ ડોક્યુમેન્ટ સંસ્થાનાં સિક્કા સાથે www.amc.nprocure.com ઉપર અપલોડ કરવાના રહેશે.

(૨) ઉપર જણાવેલ જરૂરી લઘુત્તમ માપદંડ ધરાવનાર સંસ્થાઓએ ટેન્ડરના પુરાવા (ડોક્યુમેન્ટસ) અપલોડ કરવાના રહેશે. ઓનલાઇન અરજી કર્યા વગરનાં ટેન્ડર રદ બાતલ ગણાશે. સંસ્થાની તારવણી આ સાથે સામેલ Annexure-3 માં જણાવેલ યોગ્યતાના માપદંડને આધારે કરવામાં આવશે. ટેક્નીકલ બીડમાં ૮૦ કે તેનાથી વધુ ગુણ મેળવનાર સંસ્થાના જ નાણાંકીય બીડ ખોલવામાં આવશે.

**નોંધ : જો ટેક્નીકલ બીડમાં કોઇપણ સંસ્થાને ૭૫ કે તેથી વધુ ગુણ ન મળવાના સંજોગોમાં આવેલ ટેક્નીકલ બીડ પૈકી મહત્તમ ગુણ મેળવનાર સંસ્થાને કામગીરી સોંપવા બાબતે છુટછાટનો આખરી નિર્ણય ચેરમેન( એએમસી મેટ)શ્રીનો રહેશે**

## A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No:- 67/2018-19

**Annexure - 3** **યોગ્યતાના માપદંડ**

| અ.નં. | જરૂરી લઘુત્તમ માપદંડ | વિગત | ગુણ | મહત્તમ ગુણ |
|---|---|---|---|---|
| ૧. | ચાર્ટડ એકાઉન્ટ સંસ્થાનો લઘુત્તમ ૨૦ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. | અનુભવ (વર્ષમાં) | | ૨૦ |
| | | ૨૦ વર્ષ | ૧૦ | |
| | | ૨૧ થી ૩૦ વર્ષ | ૧૫ | |
| | | ૩૦ થી વધુ વર્ષ | ૨૦ | |
| ૨. | ચાર્ટડ એકાઉન્ટ સંસ્થામાં ૦૧-૦૧-૨૦૧૮ ના રોજ ઓછામાં ઓછા ૨(બે) પાર્ટનર FCA હોવા જરૂરી છે સંસ્થામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની લઘુત્તમ સંખ્યા (પેઇડ C.A.સાથે) ૦૪(ચાર) હોવી જરૂરી છે. | **ચાર્ટડ એકાઉન્ટન્ટની સંખ્યા** | | ૨૦ |
| | | ૨ FCA , ૦૪ CA | ૧૦ | |
| | | ૩ FCA , ૦૫ CA | ૧૫ | |
| | | ૦૪ કે તેથી વધુ FCA , ૬ કે તેથી વધુ CA | ૨૦ | |
| ૩. | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થામાં ઓડિટનાં કામનાં અનુભવી ઓછામાં ઓછા ૧૫ કર્મચારી હોવા જરૂરી છે. | સ્ટાફની સંખ્યા | | **૨૦** |
| | | ૧૫ થી ૨૦ | ૧૦ | |
| | | ૨૧ થી ૩૦ | ૧૫ | |
| | | ૩૧ અને તેથી વધુ | ૨૦ | |
| ૪ (એ) | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાની તા.૩૧-૦૩-૨૦૧૮ ના રોજ પૂર્ણ થતા છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટ રૂ.૭૫ લાખ હોવી જરૂરી છે. | **છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટ** | | ૧૦ |
| | | રૂા. ૭૫ થી રૂા.૧.૨૫ કરોડ | ૦૫ | |
| | | રૂા.૧.૨૫ કરોડ થી વધારે | ૧૦ | |
| ૪ (બી) | ૪(એ)ની શરત અંર્તગત છેલ્લા ત્રણ વર્ષની એવરેજ પ્રોફેશનલ ફી/ રીસીપ્ટની આવક પૈકી એવરેજ વાર્ષિક આવક ૧૦ લાખ કે તેથી વધુ આવક ગર્વમેન્ટ / સેમી ગર્વમેન્ટ માંથી હોવી જોઈશે. | ૧૦ લાખ થી ૨૦ લાખ ની આવક | ૦૫ | ૧૦ |
| | | ૨૦ લાખથી વધારે આવક | ૧૦ | |
| ૫ | ચાર્ટડ એકાઉન્ટન્ટ સંસ્થાનો છેલ્લા ૩(ત્રણ) વર્ષમાં કુલ મળી ઓછામાં ઓછી પાંચ ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં એકાઉન્ટ/ઓડીટ/પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટનો અનુભવ હોવો જરૂરી છે. | ગર્વમેન્ટ / સેમી ગર્વમેન્ટ સંસ્થાનાં ઓડીટની સંખ્યા | | ૧૦ |
| | | ૫ થી ૬ | ૦૫ | |
| | | ૬ થી વધુ | ૧૦ | |
| ૬ | છેલ્લા ત્રણ વર્ષમાં ૧વર્ષ માટે મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલમાં એકાઉન્ટ/ઓડીટ/પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટનો અનુભવ | | ૧૦ | ૧૦ |

# A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No:-67/2018-19

## Annexure - 4

ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાના ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ અનુભવની વિગત.

| અનું. નં. | ગર્વમેન્ટ/ સેમી ગર્વમેન્ટ સંસ્થાનું નામ | આવક/ફીની વિગત | કરેલ કામની વિગત (ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ) | સમય ગાળો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢી વતી

સંસ્થા નોંધણી નંબર :

એ.એમ.સી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ

તા. ........................ ભાગીદાર

સ્થળ : ...................... (સહી અને સિક્કા)

# A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No:-67/2018-19

## Annexure – 5

છેલ્લા ત્રણ વર્ષમાં મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલમાં /ઓડીટ/પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટનો અનુભવ

| અનું. નં. | મેડીકલ/પેરામેડીકલ કોલેજ/હોસ્પિટલનું નામ | કરેલ કામની વિગત (ઓડિટ / પ્રિ-ઓડીટ/ વકર્સ ઓડીટ) | સમય ગાળો |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

ચાર્ટડ એકાઉન્ટન્ટ પેઢી વતી

સંસ્થા નોંધણી નંબર :

એ.એમ.સી મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ

તા. ........................ ભાગીદાર

સ્થળ : ...................... (સહી અને સિક્કા)

## A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No:-67/2018-19

### Annexure - 6

### Financial Bid (To be Submitted Online Only)

| Nature of Work | NO.of Men power to be deployed | Professional Fees for Pre Audit work (Monthly) |
|---|---|---|
| Pre Audit Work Of AMC Medical Education Trust's Revenue and Capital Expenditure Bills (Except Govt + AMC Payment,Energy Bill, Telephone Bill &Other Govt. Dues) | 3 (three) Full Time B.Com Pass Staff.(M.Com preferable)<br><br>1 (One) Part time Time C.A | In Figure:-<br><br>In Words:- |

- GST will be paid extra
- Price may be Quoted for monthly
- Minimum fees of Rs.1,20,000/- P.M. has been defined
- Partner of Firm may be overall incharge of assignment

Signature/Stamp of Contractor A.M.C. MEDICAL EDUCATION TRUST

# A.M.C. MEDICAL EDUCATION TRUST

Tender No.- 67/2018-19

| | | |
|---|---|---|
| ટેન્ડર ફી રૂપિયા | | **ટેન્ડર ફોમની ફી રૂા.૫૦૦૦=૦૦**<br>**ટેન્ડર ફી ડી.ડી. / પે ઓર્ડરથી જમા કરવાની રહેશે.** |
| અર્નેસ્ટ મની ડીપોઝીટ રૂપિયા | | **રૂા.૫૦,૦૦૦=૦૦**<br>**અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ ડી.ડી. / પે ઓર્ડરથી ભરવાની રહેશે.** |
| ટેન્ડર વેલીડીટી | | **૧૨૦ દિવસ (પ્રાઇઝ બીડ ખોલ્યા તારીખથી)** |
| સિક્યોરીટી ડીપોઝીટ | | **મંજુર ટેન્ડર રકમનાં ૫ %** |
| કામની સમય મર્યાદા | | **૨ (બે)વર્ષ** |
| ટેન્ડર ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તારીખ અને સમય | | **તા.૨૫/૦૨/૨૦૧૯ સમય ૧૫.૦૦ વાગ્યા સુધી** |
| ટેન્ડર ડોક્યુમેન્ટ ફીઝીકલ સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | | **તા. ૨૫/૦૨/૨૦૧૯ સમય ૧૬.૦૦ વાગ્યા સુધી** |
| ટેન્ડર ડોક્યુમેન્ટ ફીઝીકલ સ્વીકારવાનું સરનામુ | | ડાયરેક્ટર,એ.એમ.સી.મેટશ્રીની કચેરી, એન.એચ.એલ.મેડીકલ કોલેજ,વી.એસ.હોસ્પિટલકંપાઉન્ડ,એલીસબ્રીજ,અમદાવાદ ૩૮૦૦૦૬ |
| પ્રી-બીડ મીટીંગની તારીખ અને સમય | | **તા. ૮/૦૨/૨૦૧૯ સમય ૧૫.૦૦ કલાકે** |
| પ્રી-બીડ મીટીંગનું સ્થળ | | ડાયરેક્ટર,એ.એમ.સી.મેટશ્રીની કચેરી, એન.એચ.એલ.મેડીકલ કોલેજ,વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ,એલીસબ્રીજ,અમદાવાદ ૩૮૦૦૦૬ |
| ટેન્ડર ટેકનીકલ બીડ ખોલવાની તારીખ તથા સમય | | **તા.૨૫/૦૨/૨૦૧૯ સમય ૧૭.૦૦ કલાકે** |
| ટેન્ડરની ટેકનિકલ બીડની હાર્ડ કોપી ખોલવાનું સરનામું | | ડાયરેક્ટર,એ.એમ.સી.મેટશ્રીની કચેરી, એન.એચ.એલ.મેડીકલ કોલેજ,વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ,એલીસબ્રીજ,અમદાવાદ ૩૮૦૦૦૬ |

Pre Audit Work Of AMC Medical Education Trust's
Revenue and Capital ExpenditureBills
(Except Govt + AMC Payment,Energy Bill, Telephone Bill & Other Gcvt. Dues)

---

૧. Pre Audit Work Of AMC Medical Education Trust's Revenue and Capital Expenditure Bills (Except Govt + AMC Payment,Energy Bill, Telephone Bill &Other Govt. Dues) **ટુ-બીડ** Tender **ટેન્ડર નંબર- ૬૭ ટેન્ડર નોટીસ** થી **મંગાવેલ છે.** સંપુર્ણ વિગતો ભરેલા ટેન્ડર અંતિમ **તા. ૨૫/૦૨/૨૦૧૯ સમય ૧૫.૦૦ વાગ્યા સુધી**માં ટેન્ડરમાં માંગેલ ડોક્યુમેન્ટની સ્કેન કોપી સાથે ઓનલાઈન સબમીટ કરવાનાં રહેશે તેમજ ભરેલ ટેન્ડર ડોકયુમેન્ટ સાથે ઓનલાઈન સબમીટ કરેલ પૂરાવાઓની કોપી, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. સીલબંધ કવરમાં અંતિમ **તા. ૨૫/૦૨/૨૦૧૯ નાં રોજ ૧૬.૦૦ વાગ્યા** સુધીમાં ઉપર જણાવેલ સરનામે રૂબરૂ/ રજી.એ.ડી./ સ્પીડ પોસ્ટ કે કુરીયર મારફતે મોકલવાનાં રહેશે. સાદી પોસ્ટ દ્વારા મોકલાવવામાં આવેલ તથા નિર્ધારીત સમય બાદ મળેલાં ટેન્ડર રદ ગણવામાં આવશે.

૨. આ કામનાં ટેન્ડર ડોક્યુમેન્ટ www.amcmet.org અને https://amc.nprocure.com વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

૩. પ્રી-બીડ મીટીંગ **તા.૦૮/૦૨/૨૦૧૯ નાં રોજ ૧૫.૦૦** કલાકે ડાયરેકટર,એ.એમ.સી.મેટશ્રીની કચેરી, એન.એચ.એલ.મેડીકલ કોલેજ,વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ,એલીસબ્રીજ,અમદાવાદ ૩૮૦૦૦૬ સ્થળે રહેશે.

૪. ટેન્ડરમાં માંગેલ તમામ વિગતો તથા બિડવાના તમામ ડોક્યુમેન્ટ શરતો મુજબ ટેન્ડરની સાથે સબમીટ કરવાના રહેશે. ઈ-ટેન્ડર મારફતે સબમીટ કરેલ ટેન્ડરની ટેકનિકલ બીડની કોપી તમામ બિડાણ સાથે ઉપર જણાવેલ સરનામે સમય મર્યાદામાં ફીઝીકલ પણ સબમીટ કરવાની રહેશે. ટેન્ડરર દ્વારા બન્નેમાંથી કોઇ એક જ રીતે મોકલાવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.

૫. ઓનલાઈન ટેન્ડર https://amc.nprocure.com ઈન્ટરનેટ સાઈટ પરથી સબમીશન કરી શકાશે. રસ ધરાવતા ટેન્ડરર ઉપર જણાવેલ વેબસાઈટ પરથી ડીટેઈલ ટેન્ડર નોટીસ જોઈ શકશે તેમજ ડાઉનલોડ પણ કરી શકશે. ઓનલાઈન ટેન્ડર ભરવા માટે બિડરે ઉપર જણાવેલ વેબસાઈટમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવેલ નવા બિડરે લોગઈન આઈ.ડી. અને પાસવર્ડ ક્રિએટ કરવો પડશે. આ ટેન્ડર ભરવા ઈચ્છતા બિડરે ઈ-ટેન્ડર બિડમાં ડીજીટલ સાઈન માટે ડીજીટલ સર્ટીફિકેટ મેળવવાનું રહેશે. બિડર આવું સર્ટીફિકેટ સી.સી.એ. માન્ય સર્ટીફાઈંગ એજન્સી અથવા M/S. (n) code solution 301, G.N.F.C. Info Tower, Nr. Grand Bhagvati Hotel, Ahmedabad-380015. India. Tele : +9179 26857316, 26857317, 26857318 E_mail : url:https://amc.nprocure.com નો સંપર્ક કરી મેળવી શકશે. નવું રજીસ્ટ્રેશન કરાવનાર બિડરે જ ઉપર જણાવેલ પ્રક્રિયા કરવાની રહેશે. ઈ-ટેન્ડરમાં બિડીંગ કરવા બાબતે વધુ જાણકારી માટે ઉપર જણાવેલ સરનામે સંપર્ક કરવાનો રહેશે.

ઈ-ટેન્ડર ભરનાર બિડરે ટેન્ડર ફી, ઇ.એમ.ડી., ટેકનિકલ ક્રાઈટેરીયા, અનુભવ અને પ્રાઈઝ બિડની વિગતો પ્રિ-ડીફાઈન ફોર્મમાં ભરીને ઈ-ટેન્ડરીંગ કરવાનું રહેશે. ટેન્ડરમાં માંગેલ રેફરન્સ ડોક્યુમેન્ટસની સ્કેન કોપી અપલોડ કરવાની રહેશે.

પ્રિ-ડીફાઈન ફોર્મમાં માંગેલ ડેટા ભર્યા બાદ બિડર દ્વારા ફાઈનલ સબમીશનનાં બટન પર ક્લીક કરી બિડ ઓનલાઈન સબમીટ કરવાની રહેશે. બિડરે ટેન્ડર ફી, ઇ.એમ.ડી., ટેકનિકલ બિડ ડોક્યુમેન્ટ અને રેફરન્સ ડોક્યુમેન્ટની હાર્ડ કોપી ટેન્ડરમાં જણાવ્યા મુજબ અલગથી ટેકનિકલ બીડનાં કવરમાં સબમીટ કરવાની રહેશે.

૬. ટેન્ડરની ટેકનીકલ બીડની હાર્ડ કોપી ઓરીજીનલ અને ડુપ્લીકેટ એમ બે નકલમાં ભરીને ટેકનિકલ બીડ સાથે માંગેલ તમામ ડોક્યુમેન્ટસના બિડાણ સાથે એક મોટા સીલબંધ કવરમાં બંધ કરી ફીઝીકલ સબમીટ કરવાની રહેશે. તેમજ દરેક પાને ભરેલ ટેન્ડર અને રજુ કરેલ તમામ ડોક્યુમેન્ટમાં સહી સિક્કા કરવાનાં રહેશે.

- કવર ઉપર ''ટેકનીકલ બીડ '' લખવાનું રહેશે અને તેની અંદર ટેન્ડર ફી અને ઇએમડી (ડી.ડી./પે ઓર્ડર દ્વારા) સંપુર્ણ રીતે ભરેલ ટેન્ડર ફોર્મ તેમજ ફોર્મમાં જણાવેલ અનુભવની વિગતો અને તેમાં જણાવ્યા મુજબનાં પ્રમાણપત્રો ડોક્યુમેન્ટ્સ વિગેરે સામેલ કરવાના રહેશે. ટેન્ડરની ફાઇનાન્સીયલ બીડ ટેન્ડરરે ઓનલાઇન જ સબમીટ કરવાની રહેશે. ફાઇનાન્સીયલ બીડ ઓનલાઇન સબમીટ કર્યા વિના ટેકનિકલ બીડ મોકલનાર ટેન્ડરરનું ટેડર રદ ગણાશે.

- ટેકનિકલ બીડનાં કવર ઉપર ટેન્ડરરે સ્વચ્છ અક્ષરોથી કામનું નામ, ટેન્ડર નંબર નોટિસ નંબર, ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખની વિગતો લખી સીલ કવર **ડાયરેકટર,એ.એમ.સી.મેટશ્રીની કચેરી,એન,એચ.એલ મેડીકલ કોલેજ, વી.એસ.હોસ્પિટલ કંપાઉન્ડ એલીસબ્રીજ અમદાવાદ-૩૮૦૦૦૬** સરનામે નિર્ધારીત સમયમાં મોકલવાનું રહેશે.

૭. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટની ભરવાપાત્ર રકમનો ડી.ડી./ પે.ઓર્ડર AMC Medical Education Trustના નામનો બનાવવાનો રહેશે. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટનો ડી.ડી./ પે.ઓર્ડર ટેકનીકલ બીડનાં કવરમાં ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરી મોકલવાનો રહેશે.

૮. ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ વીનાના કે ઓછી રકમની ટેન્ડર ફી કે ઇ.એમ.ડી. ભરેલા ટેન્ડર રદ ગણવામાં આવશે.

૯. અધુરી કે ખોટી વિગતોવાળુ તથા ટેન્ડર ફોર્મમાં સહી-સિક્કા વગરનું ટેન્ડર રદ ગણવામાં આવશે.

૧૦. મળેલ ટેન્ડરોનાં ટેકનિકલ બીડનાં કવર ટેન્ડરરોની હાજરીમાં નિર્ધારીત તારીખ અને સમયે ખોલીને ટેન્ડરોનું મૂલ્યાંકન કરવામાં આવશે. મૂલ્યાંકન બાદ ટેકનીકલી કવોલીફાય થયેલ ટેન્ડરરનાં ટેન્ડરની પ્રાઈસબીડ નકકી થયેલ તારીખે ખોલવામાં આવશે. ટેકનિકલ કવોલીફાય થયેલ ટેન્ડરરોને પ્રાઇસ બીડ ખોલવાની તારીખ તથા સમયની અગાઉથી જાણ કરવામાં આવશે.

૧૧. ટેન્ડર વેલીડીટી પીરીયડ પ્રાઇઝ બીડ ખોલ્યા તારીખથી ૧૨૦ દિવસનો રહેશે.

૧૨. મંજુર થયેલ ટેન્ડરનાં ટેન્ડરરને વર્ક ઓર્ડર મળ્યેથી દિન-૧૫ માં મંજુર ટેન્ડર રકમનાં ૫% (પાંચ ટકા) સીકયોરીટી ડીપોઝીટ જમા કરાવવાની રહેશે. કામની સમયમર્યાદા વર્ક ઓર્ડર આપ્યા તારીખથી ગણાશે. સિક્યોરીટી ડિપોઝીટ ડિમાન્ડ ડ્રાફ્ટ / પે-ઓર્ડર / બેન્ક ગેરેન્ટી (અ.મ્યુ.કો.નાં નાણાં ખાતા દ્વારા નિયત કરવામાં આવેલ નમૂના મુજબ) ના સ્વરૂપે જમા કરવાની રહેશે. બેંક ગેરંટીનાં સંજોગોમાં બેંક ગેરંટીનો સમયગાળો કામની મુદત પૂર્ણ થયા બાદનાં ૩ (ત્રણ) માસ સુધીનો રાખવાનો રહેશે. કોન્ટ્રાકટ પેપર ટેન્ડરરે લાવવાનો રહેશે. ટેન્ડરરે ભરેલ સિકયોરીટી ડીપોઝીટ ટેન્ડરનું કામ સંતોષકારક રીતે પૂર્ણ થયાનું વર્ક કમ્પલીશન સર્ટીફિકેટ તથા ફાઇનલ બીલ આપ્યાનાં ત્રણ માસ બાદ પરત કરવામાં આવશે. સીકયોરીટી ડીપોઝીટ ઉપર કોઈ વ્યાજ ચુકવવામાં આવશે નહી.

૧૩. કોન્ટ્રાક્ટર દ્વારા વર્ક ઓર્ડર મળ્યેથી દિન-૧૫ માં સિક્યુરીટી ડીપોઝીટ ભરી કામ શરૂ કરવામાં નહી આવે તો ત્યારબાદ પ્રતિદિન રૂા.૧૦૦૦/- પેનલ્ટી ગણી વસુલવામાં આવશે. કોન્ટ્રાક્ટર દ્વારા પુરતી સંખ્યામાં સ્ટાફની નિમણૂક થયેલ નહિ હોય તો પ્રત્યેક કર્મચારી દીઠ દૈનિક રૂ.૫૦૦/-લેખે પેનલ્ટી લેવામાં આવશે.

૧૪. **Not More than one tender shall be submitted by a contractor or by a firm of contractors. No two or more concerns in which an individual is interested as a proprietor and / or a patner & / or director shall submit tender for the execution of the same work / tender. If they do so all such tender shall be liable to be rejected.**

૧૫. બીડર / પેઢીએ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાઓ, પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇસ્યુ કરાયેલ હોવા જોઇએ તેમજ ટેન્ડર ઓપનીંગ તારીખે માન્ય/વેલીડ હોવા જોઇએ. ટેન્ડરમાં દર્શાવેલ ફીઝીકલ ડોક્યુમેન્ટસ રજૂ કરવા અંગેની નિયત તારીખ બાદ બીડર / પેઢી દ્વારા રજૂ કરેલ કોઇપણ મૂળભૂત દસ્તાવેજી પુરાવાઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી, તેમજ ટેકનિકલ બીડના

ઓપનીંગ બાદ ખૂટતા દસ્તાવેજી પુરાવા માટે કોઇ પૂર્તતા કરવાની રહેશે નહી/પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી તેમજ જો કોઇ વધારાની ચકાસણી અથવા પૂર્તતા સંબધિત ખાતાને જરૂરીયાત જણાશે તેવા સંજોગોમાં ડે.મ્યુનિ. કમિશનરશ્રીની પૂર્વ મંજુરી મેળવી ટેન્ડર ઇવોલ્યુએશન કરવામાં આવશે.

૧૬. ટેન્ડરની કામગીરીમાં વધુ પારદર્શિતા આવી શકે તેમજ યોગ્ય બીડરનું સિલેક્શન થાય તે માટે

**Disqualification :**

- **Even though the Applicants meet the required criteria, they are subject to be disqualified if Applicant or any of its constituent partner/s, director/s have: - Made misleading or false representation in the forms, statements, and attachments submitted; or - Been debarred or terminated or blacklisted by Central Govt. organization / State Govt. organization / AMC / Any Municipal Corporation / ULBs etc.**
- **If, any of the directors, partners or the proprietor has a criminal history or has been convicted by any court of law for any of the offenses under any Indian laws.**
- **If, any criminal proceeding is pending in any court of law in India against any of the directors, partners or a proprietor and if any such proceeding culminates intoconviction.**
- પ્રાઇઝ બીડ ખોલ્યા બાદ ટેન્ડર ભરનાર કોઇ એજન્સી દ્વારા વાંધા/ફરીયાદ કરવામાં આવશે તો તેને ટેન્ડર પ્રક્રિયા પર અસર કરવાના આશયથી અને સક્ષમ સત્તા પર દબાણ કરવાનાં આશયથી ફરીયાદ કરવામાં આવેલ છે તેમ માની વાંધા/ફરીયાદ કરનાર એજન્સીને ટેનડર પ્રક્રિયમાંથી ૫ (પાંચ) વર્ષ સુધી Debar કરવામાં આવશે અને અર્નેસ્ટમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ફરીયાદો/વાંધા ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા કરવામાં આવેલ નહી હોય તો તેને ચકાસણી વગર જ દફતરે કરવામાં આવશે.

૧૭. ટેન્ડર વેલીડીટીની સમયમર્યાદા દરમ્યાન સ્વેચ્છાએ ટેન્ડર પાછુ ખેંચી શકાશે નહી. વર્ક ઓર્ડર આપ્યા બાદ સમયમર્યાદામાં કામ શરૂ ન કરવા અથવા અનિયમિત અને વિલંબ કરવા બદલ ટેન્ડરરની ઇ.એમ.ડી. તથા સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરી બ્લેક લીસ્ટ કરવા સુધીનાં પગલા ભરવામાં આવશે.

૧૮. ટેન્ડરર કામ બાબતે કોઇ પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી.

૧૯. શરતી ટેન્ડર રદ ગણવામાં આવશે.

૨૦. આ કોન્ટ્રાકટની શરતો બાબતે કોઇપણ વાદવિવાદ ઉભો થાય તો તે અંગે ચેરમેનશ્રી એએમસી મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ નો નિર્ણય આખરી રહેશે.

૨૧. ટેન્ડર સંબંધિત કોઈપણ વાદ-વિવાદ માટેનું કાયદાકીય કાર્યક્ષેત્ર અમદાવાદ શહેર કોર્ટ વિસ્તાર રહેશે.

૨૨. ફાયનાન્સીયલ બીડમાં ટેન્ડરરે કયા માસિક ભાવે કામ કરવા માંગે છે તે દર્શાવવાનું રહેશે.

૨૩. પ્રિ ઓડીટ અને એકાઉન્ટીગના બન્ને ટેન્ડરમાં એક જ પાર્ટી એલ-૧ તરીકે ક્વોલીફાય થશે તો બન્ને પૈકી કોઇ એકજ ટેન્ડર પાર્ટી તેની સંમંતિથી નક્કી કરી શકશે.જે ટેન્ડર માટે પાર્ટી અસમંતિ દર્શાવશે તે ટેન્ડર માટે એલ-૨ આવેલ પાર્ટી એલ-૧ના ભાવે કરવા સમંતિ આપશે તો તેને કામ આપવામાં આવશે.જો એલ-૨ આવેલ પાર્ટી એલ-૧ના ભાવે કામ કરવા સમંત ન થાયતો ચેરમેનશ્રી એએમસી મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ નો નિર્ણય આખરી રહેશે બન્ને ટેન્ડર કોઇ એક પાર્ટીને આપવામાં આવશે નહિ.

૨૪. ટેન્ડરરની જાણકારી માટે નીચે છેલ્લા ત્રણ વર્ષના પ્રિ ઓડીટ થયેલ બીલોની વિગત દર્શાવેલ છે.

## AMC MET's Pre- Audit (Year Wise) bills Detail

| No. | Bill information | 2015-2016 | 2016-2017 | 2017-2018 | 2018-2019 Up to 16-12-2018 |
|---|---|---|---|---|---|
| 1 | AMC MET college, Dental College, L.G.Hospital | 1381 | 1379 | 1240 | 950 |
| 2 | N.H.L. College, Nursing College, S.B.B College, Nagri Hospital,S.C.L Hospital | 733 | 722 | 820 | 719 + 474 (Estsblishment Bill) |
| 3 | Total Bill | 2114 | 2101 | 2060 | 2143 |

ઉપરોકત બીલોની સંખ્યામાં મલ્ટીપલ વાઉચર સાથેના બીલોનો પણ સમાવેશ થાય છે.સદર બીલોની સંખ્યા પાછલા વર્ષોની કામગીરી દર્શાવે છે. ટેન્ડર મેળવનાર સંસ્થાએ તેઓની કામકાજની મુદત દરમ્યાન ટેન્ડરમાં દર્શાવ્યા મુજબના તમામ આવતા બીલોનું પ્રિ -ઓડીટ કરવાનું રહેશે.તેમજ સદરહુ સંસ્થા ખાતે સરદાર વલ્લભભાઇ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સ એન્ડ રિસર્ચ સંસ્થા આગામી સમયમાં કાર્યરત થનાર હોઇ તેના બીલોની પ્રિ ઓડીટની કામગીરી કરવાની રહેશે.

૨૫. **પ્રિ ઓડીટના કામની શરતો :-**

૧. આપના દ્વારા એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા પેમેન્ટ કરવામાં આવતા ટ્રસ્ટ સંચાલિત કોલેજો તેમજ તેને સંલગ્ન હોસ્પિટલોનાં રેવન્યુ તથા કેપીટલ ખર્ચનાં ઓફર/કવોટેશન/ટેન્ડર(સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓને/અ.મ્યુ.કો.ની સંસ્થાઓને ચુકવવામાં આવતા નાણાં/લોન/એનર્જી/સહાય તથા આંતરિક વ્યવ્હારો સિવાય) અંગેના બીલોનું પ્રિ-ઓડીટ/ચેકીગ કરવાનું રહેશે.

૨. એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટના પ્રવર્તમાન નીતિ નિયમો, પરિપત્રો તથા જે તે ઓથોરીટીને મળેલ સત્તાની મર્યાદાને ધ્યાનમાં રાખીને તથા ઓડીટનાં નોર્મ્સ મુજબ બીલોનું પ્રિ-ઓડીટ/ચેકીગ કરવાનું રહેશે.

૩. એ.એમ.સી.મેડીકલ એજયુકેશન ટ્રસ્ટની મુખ્ય ઓફીસ ખાતે બીલોનાં પ્રિ-ઓડીટ/ચેકીગની કામગીરી કરવાની રહેશે તથા આપની ફર્મનાં જવાબદાર અધિકારી-કર્મચારીઓએ એ.એમ.સી.મેટનાં ઓફિસ સમય દરમ્યાન આખો દિવસ હાજર રહેવાનું રહેશે.તથા તેમના આવવા તથા જવાની હાજરી બાયો મેટ્રીકસથી નોંધવાની રહેશે.

૪. પ્રિ-ઓડીટની કામગીરી મેળવનાર જે તે સંસ્થાએ એ.એમ.સી.મેટની મુખ્ય ઓફિસમાં માટે ૦૧ ચાર્ટડ એકાઉન્ટન્ટ (પાર્ટ ટાઇમ)તથા ઓછામાં ઓછા ૩ કલાર્ક(બી.કોમ પાસ,એમ.કોમ ઇચ્છીનીય) સ્ટાફ સાથે સંપૂર્ણ ઓફિસ સમય માટે નિમણૂક કરી કામગીરી કરવાની રહેશે.સ્ટાફે ફુલ ટાઇમ એ.એમ.સી.મેટની ઓફિસમાં બેસીને બીલ ચેક કરવાની કામગીરી કરવાની રહેશે તથા સી.એ.એ રોજે રોજ આવીને બીલ પાસ કરવાની કામગીરી કરવાની રહશે. નિમણૂંક કરેલ તમામ સ્ટાફનાં નામ, ફોટો અને મોબાઇલ નંબર સાથેનું લિસ્ટ વર્ક ઓર્ડર સમયે આપવાનું રહેશે.

---

૫. દરેક નાણાંકીય વ્યવ્હારો અંગેના બીલોમાં દરેક પ્રકારની ગણતરી ધ્યાનમાં લઇ બીલોનાં પ્રિ-ઓડીટ અંગેની કામગીરી કરવાની રહેશે. પ્રિ-ઓડીટ માટે આવેલ બીલોનો **દિન-૭ માં** ચેકીગ કરી પેમેન્ટ માટે એકાઉન્ટમાં અથવા કવેરી હોય તો જે તે સંસ્થામાં પરત મોકલવાનું રહેશે. તેઓએ તેમની હાજરી અને દિવસ દરમ્યાન કરેલ કામગીરીનો માસિક રિપોર્ટ ડાયરેકટર એ.એમ.સી.મેટશ્રીને આપવાનો રહેશે.

૬. કર્મચારીના વાર્ષિક આવક અને રોકાણો નું ઈન્કમટેક્ષના કાયદા મુજબ ચકાસણી કરી સર્ટીફીકેટ આપવાનું રહેશે.

૭. સંસ્થાના કોઈ એક પાર્ટનરે ઓવરઓલ ઇન્ચાર્જ તરીકે સુપરવીઝન કરવાનું રહેશે

૮. પ્રિ-ઓડીટ માટે આવેલ બીલોનું ઈન્વર્ડ તથા આઉટવર્ડ રજીસ્ટર નિભાવવાનું રહેશે. તથા પ્રિ-ઓડીટ માટે આવેલ બીલોની કવેરીની નોંધ બીલની પાછળ અથવા જુદા કાગળમાં દર્શાવી જે તે વિભાગમાં પૂર્તતા માટે મોકલવાનું રહેશે.

૯. પ્રિ-ઓડીટ માટે આવેલ બીલ ચેકીગ થઇ ગયા બાદ' એપ્રુવડ ફોર પેમેન્ટ 'નો સિક્કો મારી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા જવાબદાર અધિકારીની સહી સાથે પેમેન્ટ માટે એકાઉન્ટમાં મોકલવાનું રહેશે.

૧૦. એ.એમ.સી.મેટના જે તે વિભાગ/કોલેજ દ્વારા કોઇપણ કામ ઓફર/કવોટેશન/ટેન્ડર (સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓને/અ.મ્યુ.કો.ની સંસ્થાઓને ચુકવવામાં આવતા નાણાં/લોન/એનર્જી/સહાય તથા આંતરિક વ્યવ્હારો સિવાય) દ્વારા કરાવવામાં આવ્યુ હોય તો તે અંગેનાં બીલોનાં પ્રિ-ઓડીટમાં ઓફર/કવોટેશન/ટેન્ડરમાં દર્શાવવામાં આવેલ દરેક પ્રકારની શરતોને ધ્યાનમાં લઇને પેમેન્ટનાં બીલોની ચેકીગની કામગીરી કરવાની રહેશે.

૧૧. બીલોનાં પ્રિ-ઓડીટ/ચેકીગની કામગીરી દરમ્યાન ઉપસ્થિત થતા વાંધા બાબતે બીલનાં વાધાનાં નિકાલ બાદ જ પેમેન્ટ માટે મોકલવાના રહેશે.અન્યથા ખાતાને જરૂર જણાય તો ટ્રેઝરર એ.એમ.સી.મેટશ્રી ની મંજુરી મેળવી બીલનાં વાંધાને પેન્ડીગ રાખીને બીલને પ્રોવિઝનલી પાસ કરવાનું રહેશે.

૧૨. આપની ફર્મ દ્વારા નાણાંકીય વ્યવ્હારોનાં બીલોનાં પ્રિ-ઓડીટ/ચેકીગની કામગીરી બાબતે ઓડીટ કવેરી અંગે,નીતિ વિષયક બાબતો અંગે તથા વસુલ લીધેલ રીકવરી અંગે દર ત્રિમાસિક ઓડિટ રિપોર્ટ રજુ કરવાનો રહેશે. તથા આ ઓડિટ રિપોર્ટની ચેરમેનશ્રી,ડે.મ્યુનિ.કમિશનર(હોસ્પિટલ)શ્રી,તથા ટ્રેઝરરશ્રી(એ.એમ.સી.મેટ) દ્વારા સમીક્ષા કરવામાં આવશે.

૧૩. દર માસ પૂર્ણ થયેથી સી.એ ફર્મ દ્વારા બીલ મુકવાનું રહેશે ત્યારબાદ તેનાં પેમેન્ટ અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

૧૪. એ.એમ.સી.મેટ દ્વારા જ્યારે અને જે ફોર્મેટમાં ઓડીટ અંગેની માહીતી માંગવામાં આવે ત્યારે સંસ્થા દ્વારા માગ્યા મુજબની માહિતી આપવાની રહેશે.

૧૫. સદર ટેન્ડર અંગે જે તે ટેન્ડર ભરનાર સંસ્થાએ ટેન્ડર ફી પેટે રૂ.૫૦૦૦/-નો AMC Medical Education Trust ના નામનો પે-ઓર્ડર/ડિમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર સાથે બીડવાનો રહેશે.જે નોન રીફંડેબલ રહેશે.

૧૬. એ.એમ.સી.મેટમાં પેમેન્ટનાં બીલો વધારે હોય ત્યારે કાર્ય ભારણ પ્રમાણે જરૂરી વધારાનો સ્ટાફ મૂકી રજાના સમય માં પણ કામગીરી ચાલુ રાખી કાર્યવાહી પૂર્ણ થાય તે પ્રકારે આયોજન કરવાનું રહેશે.

૧૭. ટ્રસ્ટ એકટ અને ઓડીટ/ એકાઉન્ટીગના નિયમો મુજબ કામ કરવાનું રહેશે.

૧૮. ટેન્ડરનાં અંતિમ નિર્ણયમાં કામ મેળવનાર જે તે સંસ્થાએ રૂ. ૫૦,૦૦૦/-ની સિકયુરીટી ડિપોઝીટ ભરવાની રહેશે. સદર ટેન્ડર અંતર્ગત પ્રિ-ઓડીટની કામગીરીની સમય મર્યાદા ૨(બે)વર્ષની રહેશે.તેમજ બન્ને પક્ષકારોની સમંતિથી સમયગાળો વધુ ૨(બે)વર્ષ સુધી લંબાવી શકાશે.સદર બાબતે નિયત સમય પહેલા કોન્ટ્રાકટ પૂર્ણ કરવામાં આવશે તો સિકયુરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૯. સદર ટેન્ડર બાબતે ન્યાયીક કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

---

૨૦. અસ્પષ્ટ અધુરી અથવા શરતી વિગતોવાળુ ટેન્ડર રદ બાતલ ગણવામાં આવશે. સદર ટેન્ડર/ટેન્ડરના ભાવ સ્વીકારવા/અસ્વીકાર કરવા બાબતે કોઈપણ નિર્ણય લેવાની આખરી સત્તા ચેરમેન(એ.એમ.સી મેટ)/મ્યુનિસિપલ કમિશનરશ્રીને રહેશે.તે અંગનો કોઇ વાંધા/વિરોધ માન્ય રાખવામાં આવશે નહિ

**સેક્રેટરી**
**એ.એમ.સી મેટ**

**ટેન્ડરરની સહી તથા સિક્કા**